**-:આંક ૨૦ લગત હુકમ:-**

(૧) હાલની અરજી આરોપીઓ તરફે હાલનો કેસ ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૨૫૮ મુજબ આરોપીઓને ડીસ્ચાર્જ કરવા આપેલ છે જેથી હાલની અરજી બાબતે વિગતવાર સાંભળવામાં આવેલ છે.

(૨) આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી વાય.વી.મહેતા તરફે રજુઆત છે કે, ફરીયાદી એ હાલની ફરીયાદ જે રાઈના નમુના અંગેની કરેલ છે તે રાઈની એકસ્પાયરી ડેટ તારીખ ૧૨/૦૫/૨૦૧૫ ની છે અને ફરીયાદી એ હાલની ફરીયાદ તારીખ ૨૭/૦૫/૨૦૧૫ ના રોજ કરેલ છે જેથી ફરીયાદી એ જે નમુનો લીધેલ છે તે રી એનાલીસીસ ના જે હકકો આરોપીને સીડઝ એકટ ની કલમ ૧૬(૨) મુજબ મળેલ છે તે આરોપીઓને મળી શકેલ નથી જેથી હાલના આરોપીઓ સામેનો કેસ ફોજદરી કાર્યરીતિ સંહીતા ની કલમ ૨૫૮ મુજબ સ્ટોપ પ્રોસીડીંગ કરી આરોપીઓને ડીસ્ચાર્જ કરવા વિનંતી કરેલ છે. વધુમાં આરોપીઓ તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટના Criminal Miscellaneous Application No. 2948 of 2012, Shree Mahalaxmi Seeds Versus State of Gujarat, Decision Date 05/08/2013 ના જજમેન્ટ પર આધાર રાખેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એસ.રામાણી તરફે રજુઆત છે કે, હાલના કેસમાં ફરીયાદી એ આંક ૨૭ થી હાલની અરજી નો જવાબ આપેલ છે અને જણાવેલ છે કે તેઓએ તેમની કચેરીના આદેશ બાદ ફરીયાદ દાખલ કરેલ છે જેથી હાલના કેસમાં સજાની જોગવાઈ ધ્યાને લેતા હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. વધુમાં વિધ્વાન એ.પી.પી.શ્રી તરફે રજુઆત છે કે, હાલનો કેસ એ ફરીયાદ ઉપર થી શરૂ થયેલ કેસ છે જેથી

હાલના કેસમાં આરોપી તરફે ની હાલની અરજી મંજુર કરી શકાય નહી જેથી હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) ઉપરોકત બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા આરોપીઓ તરફે હાલની અરજી ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૨૫૮ મુજબ હાલનો કેસ સ્ટોપ પ્રોસીડીંગ કરવા આપેલ છે જેથી આ તબકકે ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૨૫૮ ધ્યાને લેતા નીચે મુજબ છે.

*Section 258 – Power to stop proceedings in certain cases*

*In any summons-case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgment of acquittal, and in any other case release, the accused, and such release shall have the effect of discharge.*

આમ, ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા જયારે ફરીયાદ ઉપર થી શરૂ થયેલ સમન્સ કેસ હોય તે સિવાયના કેસમાં આ જોગવાઈ લાગુ પડે છે જેથી હાલના કેસમાં આંક ૧ ધ્યાને લેતા હાલના કેસની ફરીયાદ એ ખેતીવાડી

અધિકારી, ધ્રોલ એ આપેલ છે જેથી હાલનો કેસ એ ફરીયાદ ઉપર થી શરૂ થયેલ કેસ છે જેથી હાલના કેસમાં આરોપીઓ તરફે જે ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૨૫૮ ની જોગવાઈ પર આધાર રાખવામાં આવેલ છે તે હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી. વધુમાં આરોપીઓ તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ એ આપેલ Shree Mahalaxmi Seeds Versus State of Gujarat ના જજમેન્ટ પર આધાર રાખવામાં આવેલ છે તે ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૪૮૨ ની સતાનો ઉપયોગ કરી ફરીયાદ કાઢી નામવામાં આવેલ છે પરંતુ ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૪૮૨ ની સતા અત્રેની કોર્ટને નથી જેથી હાલના કેસમાં તે લાગુ પાડી શકાય તેમ નથી તેમજ ઉપર જણાવ્યા મુજબ ફોજદારી કાર્યરિતી સંહીતા ની કલમ ૨૫૮ એ હાલનો કેસ ફરીયાદ પર થી શરૂ થયેલ કેસ હોઈ હાલના કેસમાં તે જોગવાઈ લાગુ પાડી શકાય તેમ નથી જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- આરોપીઓ તરફે હાલની આંક ૨૦ ની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૫ ના જુન મહીના ની તારીખ ૧૨ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૨–૦૬–૨૦૨૫.
ધ્રોલ.

**(મિલાપ એ. કોટડીયા)**
**કોડ નંબર જીજે ૦૧૬૩૪**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ધ્રોલ.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**